# 8. ભારતની સમસ્યાઓ અને ઉપાય

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના જવાબો લખો :

### 1) વસ્તીવિસ્ફોટથી કેવી કેવી સમસ્યાઓ સર્જાય છે ?

- વસ્તીવિસ્ફોટથી પર્યાવરણીય પ્રદૂષણ, ગંદા વસવાટો અને ઝુંપડપટ્ટિઓ, પાણી, ખોરાક, તબીબી સેવાઓ, રોજગારી વગેરેની તંગી, નિરક્ષરતા, બેકારી, ગરીબી, ત્રાસવાદ, ભ્રષ્ટાચાર વગેરે સમસ્યાઓ સર્જાય છે.

### 2) નિરક્ષરતા નાબૂદ કરવા સરકારે કેવા-કેવા ઉપાયો કર્યા છે ?

- નિરક્ષરતા નાબૂદ કરવા સરકારે 6 થી 14 વર્ષની ઉંમરનાં તમામ બાળકો માટે ફરજિયાત શિક્ષણ, શિષ્યવૃત્તિઓ, મધ્યાહ્ન ભોજન યોજના, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, કન્યાકેળવણી માટે વિદ્યાદીપ જેવી ખાસ યોજનાઓ, આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ, નિરંતર યોજના વગેરે બાબતોનો અમલ શરૂ કર્યો છે. ભારતના બંધારણે ઇ.સ. 2009 થી સૌને 'શિક્ષણપ્રાપ્તિનો હક' આપ્યો છે.

### 3) ભાવવધારાથી આમપ્રજાને શી હાડમારી વેઠવી પડે છે ?

- ભાવવાધારાથી આમપ્રજાને વેઠવી પડતી હાડમારીઓ :
- આવક અને ક્રચના છેડાને માંડ-માંડ ભેગા કરતા કરોડો લોકો ભાવવાધારાથી કઈ વસ્તુઓના વપરાશમાં કાપ મૂકવો તેના વિચારમાં મૂકાઈ જાય છે.
- આમ પ્રજાનું જીવનધોરણ નીચું જાય છે.
- દૈનિક જરૂરિયાતોની કેટલીક વસ્તુઓ વિના ચલાવી લેવું પડે છે.
- મધ્યમ વર્ગનાં અનેમર્યાદિત આવક ધરાવતાં કુટુંબોને જીવનવ્યવહાર ચલાવવો મુશ્કેલ બને છે.

### 4) ગરીબીનો માપદંડ શું છે ?

- આમજનતાની ખરીદશક્તિ અને તેમની આવકનું ધોરણ એ ગરીબીનો માપદંડ છે.

### 5) ભ્રષ્ટાચારની વ્યાખ્યા આપો.

- સામાન્ય રીતે જે વસ્તુ આપણા હકની કે અધિકારની હોય, છતાં તે મેળવવા કે વાપરવા માટે આપણે કશુંક ચૂકવવું પડે તેને 'ભષ્ટાચાર' કહેવામાં આવે છે. વ્યક્તિ સાથે બિનકાયદાકીય અનીતિભર્યો વ્યવહાર એટલે 'ભ્રષ્ટાચાર'.

### 6) ઝૂંપડપટ્ટીમાં કેવી સમસ્યાઓ ઊભી થાય છે ?

- ઝુંપડપટ્ટિમાં અસામાજિક પ્રવૃત્તિઓ, બાળમજૂરી, નશાકરક ચીજોનું સેવન, માનસિક તાણ વગેરે સમસ્યાઓ ઊભી થાય છે.

### 7) આતંકવાદની અસરો જણાવો.

- આંતકવાદની અસરો નીચે પ્રમાણે છે :
- આતંકવાદ હિંસા કે ધૃણા ફેલાવી લોકોમાં ભય પેદા કરે છે. આંતકવાદના ભયથી લોકો ડરે છે.
- આતંકવાદથી જે-તે પ્રદેશના વેપાર-ધંધાનો વિકાસ રૂંધાય છે.
- આતંકવાદીઓ દેશમાં માદક દ્રવ્યોની હેરાફેરી કરે છે. તેથી દેશમાં કાળું નાણું ઠલવાય છે.
- કેટલાંક આતંકવાદી સંગઠનો શ્રીમંત વેપારીઓ પાસેથી નાણાં પડાવે છે.
- બૉમ્બ વિસ્ફોટથી સરકારી બાંધકામોનો નાશ કરે છે અને કરોડો રૂપિયા ખર્ચવા મજબૂર કરે છે.
- આતંકવાદીઓની પ્રવૃત્તિઓ સરકાર માટે પડકારરૂપ બને છે.

## 2. ખાલી જગ્યા પૂરો :

### 1) તમારા સમસ્યાઓના મૂળમાં ............... જવાબદાર છે.

- વસ્તીવિસ્ફોટ

### 2) ચીજવસ્તુના ભાવવધારાને ................. કહેવાય છે.

- મોંઘવારી

3) આતંકવાદ એ ............ સમસ્યા છે.

- વૈશ્વિક

3. યોગ્ય જોડકાં જોડો :

| (અ) | (બ) |
|---|---|
| (1) વસ્તીવધારો | (1) R.TE. |
| (2) નિરક્ષરતાનિવારણ | (2) રોજગારીની તકોનું સર્જન |
| (3) ગરીબીનિવારણ | (3) સમજદારીપૂર્વકનું જીવનધોરણ |
| (4) મોંઘવારીથી બચાવ | (4) તમામ સમસ્યાનું સર્જન |

- (1 - 4), (2 – 1), (3 - 2), (4 - 3).